## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તમે મને સસરાની સામે આખી જીંદગી લાજ કઢાવી છે ને તો હવે સાંભળો... પેલો તમારો સસરો સામે ઉભો છે... માસ્ક પહેલી લો...

# ભારતની લોકશાહી મજબૂત અને અખંડ : રામનાથ કોવિંદ

### કેવડીયા ખાતે સ્પીકર્સ કોન્ફરન્સના ઉદ્‌ઘાટન સમારંભમાં રાષ્ટ્રપતિનું ઉદ્‌બોધન : સંવર્ધન માટે મુખ્ય ત્રણ બંધારણીય આધારશીલા સંસદ, પ્રશાસન અને ન્યાયતંત્ર લોકહિતમાં સક્રીય રીતે કાર્યરત



કેવડિયા,તા.૨૫

સરદાર વલ્લભાઈ પટેલની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં યોજાઈ રહેલી બે દિવસીય ૮૦મી અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની પરિષદનો આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પ્રારંભ કરાવ્યો છે. લોકકલ્યાણના શુભાશયથી દેશનું સંચાલન કરતા ત્રણ મુખ્ય બંધારણીય આધારસ્તંભો સંસદ, ન્યાયતંત્ર અને પ્રશાસન બાબતે સમુદ્રમંથન કરવાનો કેવડિયા ખાતે પ્રારંભ થયો છે. આ પરિષદમાં તમામ રાજ્યોના વિધાનસભા-વિધાનપરિષદના અધ્યક્ષો અને અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. વિશ્વના અનેક દેશોમાં લોકશાહી સામે સવાલો ઉઠી રહ્યા છે, ત્યારે ભારતની લોકશાહી અખંડ અને મજબૂત છે. ભારત એ લોકશાહીનું જનક છે. સરદાર સાહેબની પ્રતિમાના સાનિધ્યમાં આજનો દિવસ ગૌરવપૂર્ણ છે. સરદાર સાહેબની પ્રતિમાને સ્ટેચ્યૂ ઓફ યૂનિટીનો દરજ્જો ઉચિત છે. આ આપણા માટે પ્રસન્નતા અને ગૌરવની ઘટના છે, કારણ આપણે સૌ સરદારની સૌથી ઊંચી પ્રતિમાના સાનિધ્યમાં છીએ. એક સમયે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી હતું અને આજે સ્ટેચ્યુ ઑફ યુનિટી સૌથી ઉંચી પ્રતિમા છે. આજે દેવઉઠી એકાદશી છે, આ દૈવી સંયોગ છે કે, આજથી માંગલિક કર્યો શરૂ થયા છે. આ કાર્ય પણ આ ઐતિહાસિક કાર્યક્રમમાં સંમિલિત થવાની મને ખુશી છે. સંવિધાન દિવસનું આપણા માટે વિશેષ મહત્વ છે. વિઠ્ઠલ પટેલ કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ રહ્યા. જે સરદારના મોટાભાઈ અને ગુજરાતના હતા. ગણેશ વાસુદેવ માવલંકર લોકસભાના પહેલા સ્પીકર બન્યા. યોગાનુયોગ તેઓ પણ ગુજરાતમાં જન્મ્યા હતા. ભારતમાં લોકતંત્રના પાયા મજબૂત છે. આપના પ્રાચીન ગ્રંથોમાં ગણતંત્રનો ઉલ્લેખ છે. બિહારના પ્રાચીન ગણરાજય વૈશાલી કપિલવસ્તુનો ઉલ્લેખ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં લોકોની અપેક્ષા લોકપ્રતિનિધિઓ પાસેથી વધી છે. માધ્યમોના આ ગતિશીલ યુગમાં સંસદ, વિધાનસભાની કામગીરીનું જીવંત પ્રસારણ કરાય છે. આવા સમયમાં જનપ્રતિનિધિઓ સંસદીય પ્રણાલિકાનું પાલન કરે તેવું પ્રજા ઈચ્છે છે. આ વ્યવસ્થામાં વાદને વિવાદ ન બનાવતા સંવાદથી સમાધાન કરે. શિષ્ટ સંવાદથી લોક સમસ્યાનું નિરાકરણ લાવી કામ કરે. નિષ્પક્ષ કામગીરી અતિ આવશ્યક છે. એક ગોવાળનું ઉદાહરણ આપી નિષ્પક્ષ ન્યાયની અને કામગીરીની ચર્ચા કરી તેમણે રાજા વિક્રમાદિત્યના ઉદાહરણથી સૌ નિષ્પક્ષતાથી વર્તન કરે તેમ જણાવ્યું હતું. તેમણે નિષ્પક્ષ અને નિર્ણાયક કાર્ય કરવા ઉપર ભાર મૂક્યો. સશક્ત લોકતંત્ર આ સંમેલનનો ઉદ્દેશ હોવો જોઈએ. ગરીબ, દલિત, પીડિત માટે કાર્ય થાય. તેમણે કહ્યું કે, આ માટે ઘોષણાપત્ર રજૂ થાય તે જરૂરી છે. પરિષદમાં ભાગ લેવા પરત્વે વિશેષ ખુશીની અનુભૂતિ વ્યક્ત કરતાં ઉપરાષ્ટ્રપતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટીને ઉત્તમ અને પ્રેરણાદાયી સ્થળ ગણાવ્યું હતું. તમામ ત્રણેય સ્તંભોએ મજબૂતાઈથી કામ કરવું જોઈએ. આ સમારોહ સમયોચિત છે. આ ત્રણેય સ્તંભો વચ્ચે સંવાદિતા હોવી ખૂબ જ જરૂરી છે. જવાબદારી, સહકાર, સંકલન અને વિશ્વસનીયતા આ સંસદીય પ્રણાલિકાનો આત્મા છે.

## ખૂણેખાંચરેથી



- ગાંધીનગર જિલ્લા પંચાયતના ચાર નાયબ ચિટનીસ કક્ષાના અજમાયશી પિરિયડ પરના કર્મયોગીઓએ પૂર્વ સેવા તાલિમ પરીક્ષા પાસ કરી છે.
- આજે જિલ્લાતંત્ર દ્વારા આઈ.આઈ.ટી. લેકાવાડા ખાતે એન્ટીજન ટેસ્ટનો કેમ્પ કરાયો હતો. ૪૦૦ લોકોના કરાયેલા ટેસ્ટમાં ૩ પોઝીટીવ કેસ મળી આવ્યા હતા.
- જી.એસ.પી.સી. ખાતે આજે કરાયેલા એન્ટીજન ટેસ્ટના કેમ્પમાં ૧૫૬ જેટલા કર્મયોગીઓના કરાયેલા ટેસ્ટમાં પાંચ કોરોના પોઝીટીવના કેસ મળી આવ્યા હતા.
- મહાવીર ફાઉન્ડેશન બેંગ્લોર દ્વારા અહિંસા, શિક્ષણ, મેડીસીન અને કોમ્યુનીટી એન્ડ સોશ્યલ સેક્ટરમાં આગવા પ્રદાન માટે દર વર્ષે અપાતા મહાવીર એવોર્ડ માટે અરજીઓ માંગવામાં આવી છે.
- ૨૦૨૧-૨૨ના અંદાજપત્રને તૈયાર કરવા રાજ્યના નાણાં વિભાગે ધીમીગતિએ તૈયારીઓ આરંભી છે.
- ગાંધીનગરમાં આજે એલ.આઈ.સી., બેંક એમ્પ્લોઈઝ સહિત ઘણા બધા સંગઠ્નો હડતાલ પર જશે.

## અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ૫૦૦ કોરોના વેક્સિનની ટ્રાયલ શરૂ થશે

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર વિશ્વ કોરોના વાયરસની રસીની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે. ઘણી ખાનગી કંપનીઓ તેમજ સરકારી એકમો વેક્સિનની શોધમાં લાગેલા છે, ત્યારે આપણા દેશમાં પણ ભારત બાયોટેક કંપની દ્વારા સંશોધન કરીને કોરોના વેક્સિન બનાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જેની ટ્રાયલ સમગ્ર દેશભરમાં ચાલી રહી છે. આપણા રાજ્યમાં અમદાવાદ સ્થિત સોલા સિવિલ હોસ્પિટલની પસંદગી વેક્સિનની ટ્રાયલ માટે કરવામાં આવી છે.

## રાજ્યસભાના સાંસદ અહેમદભાઈ પટેલને શ્રદ્ધાંજલિ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના પનોતા પુત્ર, વરિષ્ઠ રાજકીય અગ્રણી અને રાજયસભાના સાંસદ અહેમદભાઈ પટેલના દુઃખદ નિધન અંગે ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વ. અહેમદભાઈ પટેલે જાહેર જીવનમાં શ્રેષ્ઠ કાર્યો દ્વારા લોક હૃદયમાં આગવુ સ્થાન અંકિત કર્યુ હતુ. તેમના નિધનથી જાહેર જીવનમાં ન પુરી શકાય તેવી ખોટ પડી છે. રાજ્યપાલશ્રીએ સદગતના આત્માની શાશ્વત શાંતિ માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી શ્રદ્ધાસુમન પણ પાઠવ્યા છે.

## રાજ્યસભા સાંસદ સ્વ. અહેમદ પટેલને મુખ્યમંત્રીશ્રીની શ્રધ્ધાંજલિ

### જાહેરજીવનના એક મોભીની સદાય ખોટ સાલશે - વિજયભાઇ રૂપાણી

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અને ગુજરાતમાંથી રાજયસભાના સાંસદ સ્વ. અહેમદ પટેલના દુઃખદ અવસાન અંગે દુઃખની લાગણી વ્યકત કરીને શ્રધ્ધાંજલી પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વ. અહેમદ પટેલના નિધનથી ગુજરાતે જાહેરજીવનના એક મોભી ગુમાવ્યા છે તેવી લાગણી વ્યકત કરતાં જણાવ્યું કે, વર્ષો સુધી કોંગ્રેસ પાર્ટીના બેકબોન બનીને ખાસ કરીને સલાહકાર તરીકે તેમણે કોંગ્રેસની ગતિવિધિઓમાં રાષ્ટ્રીયસ્તરે મોટું યોગદાન આપેલું છે.

સદગત અહેમદભાઈના અવસાનથી ગુજરાતના જાહેરજીવનમાં એક સંનિષ્ઠ વ્યકિતત્વની ખાસ કરીને કોંગ્રેસ પાર્ટીને પણ મોટી ખોટ પડી છે તેમ તેમણે શોકાંજલિ સંદેશમાં જણાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વ. અહેમદ પટેલના આત્માની શાશ્વત શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના કરવા સાથે આ દુઃખ સહન કરવાની તેમના પરિવારને ઈશ્વર શકિત આપે તેમ પણ જણાવ્યું છે.

# શ્રમિક કાનુનના સુધારાની નિતી સામે આજે કર્મચારીઓની હડતાલ

### બેંકો અને એલ આઈ સી સહીત મજુર સંગઠનો પણ હડતાલમાં જોડાશે

ગાંધીનગર તા ૨૫

કેન્દ્ર સરકારે શ્રમિકા કાનુનના સુધારના નામે જે નિતીઓ ઘડી છે. જયારે આ નિતીઓ સામે દેશના કર્મચારી આલમમાં વિરોધ ઉઠવા પામ્યો છે. જયારે અનેકવાર રજુઆત કરવા છતા આ અંગે કોઇ સુધારો કરાયો નથી જેના લીધે કર્મચારી યુનિયન દ્વારા તા ૨૬ નવેમ્બરના રોજ હડતાલનુ એલાન કરાયુ છે. જયારે આ નિર્ણયના પગલે બેંક અને એલ આઈ સી ની કામગીરી આજે ઠપ્પ થઈ જશે. ગાંધીનગરના પણ ૬૦૦ કર્મચારીઓ આ હડતાલમાં જોડાઈને વિરોધ પ્રદર્શિત કરશે. આર્થિક વ્યવહાર ખારવાઈ જશે જયારે ગ્રાહકોએ પણ હાલાકી વેઠવી પડશે.

શ્રમિક કાનુનના નામે ગ્રાહકોનો હક્ક છીનવવાની નિતી અપનાવામાં આવી રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે આ નિતી સામે કર્મચારીઓએ પ્રબળ આક્રોશ સાથે વિરોધની લાગણી પ્રદર્શિત કરી છે. સરકારની આ નિતી સામે કર્મચારી યુનિયને તા ૨૬ નવેમ્બરના રોજ હડતાલનુ એલાન કરાયુ છે. આ હડતાલમાં બેંકના કર્મચારીઓ સહીત એલ આઈ સી, ટેલીફોન, ફેકટરીના વર્કરો પણ જોડાઈ સરકારીની આ નિતીનો વિરોધ કરશે. સરકારી બેન્કોને મર્જ કરવાની સાથે સાથે ખાનગીકરણ કરવામાં આવી રહ્યુ છે. તેનો પણ ઘણાં સમયથી વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે આ હડતાલ દરમિયાન ગાંધીનગરની બેન્કો તેમજ એલ આઈ સી અને મજદુર સંગઠનના કર્મચારીઓ પણ કામગીરીથી અળગા રહેશે. સરકારની આ નિતી સામેની લડતમાં એલ આઈ સી ના કર્મચારીઓ પણ જોડાશે. બેન્કોની આ હડતાલના લીધે ગ્રાહકોને પણ પારાવાર હાલાકી વેઠવી પડશે. શ્રમ કાયદાને બચાવવા સહીત નવી પેન્શન નિતીના બદલે જુની સ્કીમનો અમલ કરવા માટે પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. આમછતા તેનુ નિરાકરણ આવ્યુ નથી જેથી કર્મચારીઓ રોષે ભરાયા છે. આ વિરોધ પ્રદર્શનમાં ગાંધીનગરના ૬૦૦ કર્મચારીઓ જાડાશે. બેંકો સહીતની અન્ય કચેરીઓ પાસે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરશે.

# શહેરમાં આરટી-પીસીઆર ટેસ્ટની સંખ્યા કરાવનારા વધવાથી અનેક નાગરિકો સલવાયા

### સંખ્યા વધતાં ટેસ્ટનું રિઝલ્ટ મળવામાં હવે પહેલા કરતાં બે થી ત્રણ ગણો ટાઈમ લાગી રહ્યો છે : છેલ્લી ઘડીએ હવાઈ યાત્રા કરવા કે મુંબઈ જવા માટે આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવા જતાં નાગરિકોને ટિકિટ કેન્સલ કરવી પડે તેવી સ્થિતિ પેદા થઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સતત ઝડપથી વધી રહેલા કોરોના સંક્રમણને પગલે પ્રજામાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે, જેના કારણે કોરોના ટેસ્ટિંગ માટે લેબોરેટરીઓ પર આરટી-પીસીઆર ટેસ્ટનું ભારણ વધી જવા પામ્યું છે અને જે આરટી-પીસીઆર ટેસ્ટનું પરિણામ એક દિવસમાં મળી જતું હતું તેને હવે ૩૬ થી ૭૨ કલાક સુધીનો સમય લાગી રહ્યો છે. આ કારણે ખાસ કરીને જે નાગરિકોને મુંબઈ જવાનું છે અથવા હવાઈ યાત્રા કરવાની છે તેમની હાલત કફોડી બની રહી છે.

શહેરમાં કોરોના સંક્રમણનો આંકડો સતત વધી રહ્યો છે અને તંત્ર દ્વારા પણ નાગરિકો કોવિડ-૧૯ના રેપિડ એંટીજન ટેસ્ટ કરવી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે જે નાગરિકો રેપિડ એંટીજન ટેસ્ટમાં પોઝિટિવ આવે છે તેવા નાગરિકોમાં આરટી-પીસીઆર ટેસ્ટ પણ કરાવવાનું વલણ વધ્યું છે. વળી, જે નાગરિકોને મહારાષ્ટ્રમાં મુંબઈ કે અન્ય સ્થળે જવાનું છે અથવા હવાઈ યાત્રા કે લાંબી રેલ્વે યાત્રા કરવાની છે તેમના માટે પણ આ ટેસ્ટ કરાવવો અને તેનો નેગેટિવ રિપોર્ટ હોવો ફરજિયાત હોવાથી પણ આરટી-પીસીઆર ટેસ્ટ કરાવનારા નાગરિકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જઈ રહી છે જેના કારણે શહેરની ખાનગી લેબોરેટરીઓમાં પણ આરટી-પીસીઆર ટેસ્ટનું ભારણ વધી જવા પામ્યું છે અને તેના કારણે હવે આ ટેસ્ટનું પરિણામ જે પહેલા માત્ર એક દિવસમાં મળી જતું હતું તેને હવે ૩૬ થી ૭૨ કલાક સુધીનો સમય લાગી રહ્યો છે કેમકે આ ટેસ્ટ મશીન આધારિત ટેસ્ટ છે અને તેમાં એક નિશ્ચિત સમયગાળો લાગે છે જેના કારણે ટેસ્ટ માટે સેમ્પલ લેવાયું હોય પરંતુ તે વેઈટિંગમાં હોય છે. આ સ્થિતિમાં જે નાગરિકોને હવાઈ યાત્રા કે લાંબી ટ્રેન યાત્રા કરવાની છે અથવા મુંબઈ કે મહારાષ્ટ્રના અન્ય કોઈ ભાગમાં જવાનું છે તેઓ જયારે પોતાના બુકિંગના એક દિવસ પહેલા ટેસ્ટ કરાવવા જાય તો તેમને સમયસર ટેસ્ટના રિપોર્ટ્સ પ્રાપ્ત થતાં નથી અને તેમને ટિકિટ કેન્સલ કરવી પડે છે અથવા તો યાત્રા મુલતવી રાખવી પડી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ મહારાષ્ટ્ર સરકારે તેમના રાજયમાં પ્રવેશ લેતા તમામ પ્રવાસીઓ માટે આરટી-પીસીઆર ટેસ્ટ નેગેટિવ હોવો ફરજિયાત કર્યો છે અને ગાંધીનગર સહિત રાજયમાથી દરરોજ હજારોની સંખ્યામાં મુસાફરો મુંબઈ સહિતના મહારાષ્ટ્રના સ્થળોએ જનારા હોય છે.

### શા માટે વધ્યા આરટી-પીસીઆર ટેસ્ટ?

કોરોના સંક્રમણ જાણવા માટે રેપિડ એંટીજન ટેસ્ટ જે કરવામાં આવી રહ્યો છે તે માત્ર વ્યક્તિ કોરોના વાયરસથી સંક્રમિત છે કે નહીં તે જ દર્શાવે છે પરંતુ તે સંક્રમણ કેટલું છે અને દર્દી કયા સ્ટેજ પર છે તે જાણવા આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવે છે આ કારણે આરટી-પીસીઆર ટેસ્ટ કરાવનારા દર્દીઓની સંખ્યા વધી છે. આરટી-પીસીઆર ટેસ્ટ હકીકતમાં આરઆરટી-પીસીઆર ટેસ્ટ છે જે "રીઅલ ટાઈમ રિવર્સ ટ્રાન્સક્રિપ્શન - પોલીમર્સ ચેઈન રીએક્સન" તરીકે ઓળખાય છે. આ ટેસ્ટના નેગેટિવ રિપોર્ટ વગર એરપોર્ટ પર પ્રવેશ મળતો નથી જેના કારણે પણ ટેસ્ટ કરાવનારા નાગરિકોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.


